# જિલ્લાની આંતરરાજ્ય સરહદો બૂટલેગરો માટે સ્વર્ગ સમાન

## રોજ માલ સામાનની આડમાં ઘુસાડતો લાખોનો વિદેશી દારૂ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૯

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદો વિદેશી દારૂના બૂટલેગરો માટે સ્વર્ગ સાબિત થઈ રહી છે.જિલ્લા ની શામળાજી ની રતનપુર ,વિજયનગરની રાણી અને મેધરજ ની ઉંડવા સહિતની સરહદો ઉપર પોલીસ ની નામ પુરતી હાજરી થી રોજ લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવા માં બૂટલેગરો સફળ થઈ રહ્યા છે.

દેશી - વિદેશી દારૂની રેલમછેલ થી કહેવાતી દારૂબંધી નો પરપોટો રોજ ફૂટી રહ્યો છે.જિલ્લામાં ખુદ ખાખી વર્દી દારૂ ની સપ્લ્યામાં સામેલ હોવાનું અગાઉ અનેક વખત બહાર આવ્યું છે.જ્યારે રાજસ્થાન ને જિલ્લા સાથે સરહદો થી વિદેશી દારૂ ભરેલાં વાહનો વધુ પ્રવેશી રહ્યા છે.જેમાં વિવિધ માલ સામાનની આડમાં દારૂ સંતાડી આસાનીથી સરહદ પાર કરાવી દેવાય છે.એક થી વધુ વાહનો માં પોલીસ થી બચવા દારૂ ઘૂસાડવાનો પ્રયાસ થતાં હોય જેમાં પોલીસને અગાઉથી બાતમી હોય તોજ દારૂ ભરેલા વાહન પકડવામાં સફળતા મળતી હોય છે.જ્યારે પોલીસની નજરમાં ધૂળ નાખી અન્ય વાહનો સરહદેથી રાજ્યના ખૂણે ખૂણે પહોંચી રહ્યા છે.સરહદો દારૂ સાથે અન્ય માદક દ્રવ્યો ની હેરાફેરી માટે સંવેદનશીલ બની છે છતાં યોગ્ય સુરક્ષા પ્રબંધના અભાવે જિલ્લાની સરહદ વટાવી પરપ્રાંતના વાહનો લાખો ના વિદેશી દારૂ સાથે આસાનીથી પ્રવેશી રહ્યા હોવાથી સરહદો ઉપર પોલમ પોલ ના આક્ષેપ શરૂ થયા છે.

જિલ્લામાં વર્ષોથી બૂટલેગરો દ્વારા દારૂ ધુસાડવા માટે વ્યવસ્થિત નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે. અન્ય સામાન સાથે દારૂની પેટીઓ સંતાડી વાહન સરહદે પહોંચે તે પહેલાં અન્ય વાહનમાં પાયલોટિગ કરવામાં આવતું હોવાથી પોલીસ ની હાજરી જોઈ વાહનો રસ્તો બદલ નાખતા હોય છે.જિલ્લાની સરહદો ઉપર બૂટલેગરો નું નેટવર્ક ભેદવામાં પોલીસ નિષ્ફળ રહી છે.



## વર્લ્ડ કોટન ડે ના દિવસે ખેડૂતો હરખાયા

# જિલ્લામાં કપાસનો ભાવ વિક્રમી ૧૫૦૦ મળતા ખુશાલી

### આવતીકાલથી અન્ય યાર્ડોમાં કપાસની આવક શરૂ થવાની સંભાવના

બાયડ, તા. ૯


કપાસની ઓછી વાવણી કરનારા ખેડૂતો પસ્તાશે તેવું અગાઉ જણાવ્યું હતું તે સાચું ઠર્યું છે, તા.૭ ઓક્ટોબર વર્લ્ડ કોટન-ડે તરીકે ઉજવવામાં આવે છે. વડાલી માર્કેટયાર્ડમાં વર્લ્ડ કોટન-ડેના દિવસે કપાસની ખરીદી શરુ થતાં કપાસની ગુણવત્તા પ્રમાણે ખેડૂતોને ૨૦ કીલોગ્રામ દીઠ રૂ. ૧૧૦૦થી ૧૫૧૧ જેટલો વિક્રમી ભાવ મળતાં કપાસ વેચવા આવનારા ખેડૂતો હરખાયા છે, હિંમતનગર, તલોદ સહિતના માર્કેટયાર્ડમાં ટૂંક સમયમાં જ કપાસની ખરીદી શરૂ થઈ શકે છે.

આ વર્ષે ઓછા વરસાદમાં કપાસના પાકમાં સુકારાનો રોગ જોવા મળ્યો. ગત વર્ષે ખેડૂતોને કપાસના ધારણા કરતાં ઓછા ભાવ મળતાં આ વર્ષે તેની સીધી અસર વાવેતર ઉપર જોવા મળી. આ વર્ષે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૫૬,૦૯ હેક્ટર જમીનમાં પિયત અને બિનપિયત કપાસનું મે મહિનામાં વાવેતર થયું હતું. કેટલાક ખેડૂતોએ જૂનના અંતમાં કપાસનું વાવેતર કર્યુ. વહેલું વાવેતર કરનારા ખેડૂતોના આંગણે કપાસનો પાક ઠલવાઈ રહ્યો છે. જિલ્લામાં વરસાદન પણ વિદાય થઈ છે ત્યારે કપાસની ખરીદ ક્યારે શરુ થશે..?? તેની અનેક ખેડૂતો ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા તેવા સમયે વડાલી માર્કેટયાર્ડમાં વર્લ્ડ કોટન-ડેને યાદગાર બનાવવા ગુરુવાર સવારથી કપાસની ખરીદી શરૂ કરવામાં આવી. ખુલ્લી હરાજીમાં કપાસની ગુણવત્તા પ્રમાણે વેપારીઓએ બોલી લગાવી રૂ. ૧૧૦૦ થી ૧૫૧૧ ના ભાવે મણ કપાસ ખરીદાય છે. એક જ દિવસમાં વડાલી માર્કેટયાર્ડમાં ૧૪ હજાર મણ કપાસની આવક થયાનું જાણવા મળ્યું છે. વડાલી માર્કેટયાર્ડમાં ખેડૂતોને કપાસના તેમની ધારણા કરતાં પણ વધુ સારા ભાવ મળતાં અન્ય તાલુકાના ખેડૂતોમાં પણ સારા ભાવની અપેક્ષાથી દિપાવલી પહેલાં ખુશાલી જોવા મળી રહી છે.



### તલોદમાં આવતીકાલથી, હિંમતનગરમાં દશેરા પછી કપાસની ખરીદી

કપાસનો પાક તૈયાર થતાં ખેડૂતોએ કપાસ વેચવાનું શરૂ કર્યું છે. વડાલી માર્કેટયાર્ડમાં કપાસની ખરીદી શરૂ થઈ. તલોદ માર્કેટયાર્ડમાં આવતીકાલ શુક્રવાર કાં તો સોમવારથી ખરીદી શરૂ થવાની છે. જ્યારે હિંમતનગર માર્કેટયાર્ડમાં દશેરા પછી ખરીદી થશે તેમ યાર્ડ સેક્રેટરીઓ જણાવી રહ્યા છે.



### ખેડૂતોને ૧૫૦૦ થી વધુનો ભાવ મળ્યો : સેક્રેટરી

વડાલી માર્કેટયાર્ડના સેક્રેટરી નિલેષ મહેતાએ જણાવ્યું કે તા.૭ ઓક્ટોબરથી યાર્ડમાં હરાજીથી કપાસની ખરીદી શરૂ થઈ છે. જેમાં ખેડૂતોને કપાસની ગુણવત્તા પ્રમાણે ૧૧૦૦ થી ૧૫૧૧ ૩ મણ દીઠ ભાવ મળતાં ખેડૂતો ખુશ જણાયા હતા.

## આ રીતે શાળા બંધ ન કરી શકાય : નિવૃત્ત અધિકારી

# ધનસુરાની દેવીપૂજક વર્ગ પ્રાથમિક શાળા રાતોરાત બંધ કરવાના નિર્ણય સામે રોષ

### શિક્ષકોને ધમકાવનાર અધિકારી વિરૂદ્ધ શિક્ષણમંત્રી સમક્ષ ફરીયાદ

હિંમતનગર, તા. ૯

ધનસુરા તાલુકાની દેવીપૂજક વર્ગ પ્રા. શાળાને અરવલ્લી જિલ્લા પ્રા. શિક્ષણ સમિતિ દ્વારા રાતોરાત બંધ કરવાનો નિર્ણય લેવાતાં રોષ વ્યાપ્યો છે. શિક્ષણ વિભાગના અનેક નિવૃત્ત અધિકારીઓએ ડી.પી.ઓ.ના આવા નિર્ણય સામે આશ્ચર્ય વ્યકત કરી જો કોઈ આગેવાન વર્ગ પ્રા. શાળા બંધ કરવાના નિર્ણયને કોર્ટમાં પડકારશે તો શિક્ષણ વિભાગની ફજેતી થઈ શકે તેમ જણાવ્યુ છે. શિક્ષકોને ધમકાવનાર અધિકારી વિરૂદ્ધ તેમજ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ પસંદગીમાં થયેલા અન્યાય અંગે વિસ્તારથી શિક્ષણમંત્રી સુધી ફરીયાદ કરાઈ છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના દેવીપૂજક પરિવારના ૩૨ બાળકોને ઘર આંગણે સારૂ શિક્ષણ મળે તે માટે વર્ગ પ્રા. શાળાની વર્ષ-૨૦૧૯માં મંજૂરી આપી શાળા શરૂ કરવામાં આવી પરંતુ તંત્રએ શાળા શરૂ કરી ખરી પરંતુ ભુલકા ક્યાં બેસી ભણે છે તેમની હાલત શું છે તે જોવાનો છેલ્લા ૩ વર્ષ દરમ્યાન પ્રયાસ કરાયો નથી.

ગુણોત્સવ કાર્યક્રમમાં પણ શાળાની ભૌતિક-સુવિનો રીપોર્ટ તંત્ર અને શિક્ષણ વિભાગને મોકલવામાં આવ્યો હતો છતાં કેમ ખ્લાય ન આવ્યો કે શાળાના બાળકો ખુલ્લા છાપરામાં બેસી ભણે છે. અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં હરકતમાં આવેલા પ્રા. શિક્ષણ વિભાગે પોતાની ભુલો ઢાંકવા ગ્રામજનો, એસ.એમ.સી. કમીટીને સાંભળ્યા વગર વર્ગ પ્રા. શાળા સુવિધાના અભાવે બંધ કરવાનો નિર્ણય લઈ બાળકોને નજીકની પ્રા. શાળામાં પ્રવેશ સુનિશ્ચિત કરવા આદેશ આપ્યા.

૨૮ ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા જોવા જણાવ્યુ પરંતુ અહી વાહન પણ આવી શકે તેમ નથી. તો પછી બાળકો દૂરની શાળામાં ભણવા કેવી રીતે જશે. ઓછી વિદ્યાર્થી સંખ્યામાં શાળા મર્જના જડ નિયમો પકડી રાખતુ તંત્ર ગરીબ પરીવારોના ૩૨ બાળકોનું ઘર આંગણાનું શિક્ષણ કોના ઈશારે છીનવી રહ્યુ છે..!! લાગે છે અધિકારીઓ રાજકીય રમકડુ બની કામ કરી રહ્યા છે. વર્ગ શાળા બંધ કરવાનો નિર્ણય પરત નહી લેવાય તો આ વિસ્તારના લોકો અને આગેવાનો પ્રા. શિક્ષણ સમિતિ સામે મોરચો માડંવાની તૈયારી કરી રહ્યા છે.



## બાયડના "લોટે લાલ", જ્યાં પલ્લુ ભારે ત્યાં નમવાનું બેઠી દડીના લોટે લાલનો "લાડવો" થવાની તૈયારી

હિંમતનગર, તા. ૯

બાયડના 'લોટે લાલ' નવરાત્રી શરૂ થઈ ત્યારથી ચર્ચામાં છે. કહેવાય છે કે લોટે લાલની ખાસિયત છે કે જ્યાં પલ્લુ ભારે ત્યાં નમી જવાનું... આ માત્ર કાળા માથાના માનવી જ જાણે છે તેવું નથી... મુંગા પશુઓ પણ સમજી ગયા છે. બેઠી દડીના લોટે લાલનો હવે 'લાડવો' થવાની તૈયારી છે.

રાજકીય પ્રયોગશાળાના ઉપનામથી ખ્યાતિપ્રાપ્ત બાયડમાં ક્યારે કોણ ક્યાં હશે..!! તે કોઈ ન સમજી શકે તેવું આંગડીના વેઢે ગણી શકાય તેટલા લોકો સમજે છે. બાયડના યુવાધનને કોણ શું છે તેની પડી નથી... તે યુવાનો ઘણું બધુ સમજે છે બોલતા નથી.. પણ કેટલાક બહાદુરો તેને "ધાક" સમજી બેઠા છે, વાસ્તવમાં એવુ નથી... યુવાઓમાં આધુનિક યુગની છાંટ અને મા-બાપના સંસ્કાર હોવાથી કશુ બોલતા નથી પણ હવે યુવાઓ પણ 'લોટે લાલ'ને ઓળખી રહ્યા છે. લોટેલાલ ક્યાં નમવાનું છે તે વિચારી લીધુ છે પરંતુ લોટે લાલ જેવા નમવા જશે કે કેટલાક ચતુરો દ્વારા લોટે લાલનો 'લાડવો' કરી નાખવાનો નિર્ણય લેવાયો છે. કોઈએ બંધ બેસતી પાઘડી પહેરી વરરાજા બનવાની જરૂર નથી..!!!

## જય...હો... બેન્ક ડીરેક્ટરની પેનલ બિનહરીફ

# વિજયનગર માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ પંકજ પટેલની પેનલ બિનહરીફ

હિંમતનગર, તા. ૯

વિજયનગર માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં ખેડૂત-વેપારી અને સંઘ એમ તમામ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ બેંકની ડિરેક્ટર પંકજ પટેલની પેનલ બિનહરીફ થતાં સહકારીક્ષેત્રમાં તેમનું વજન વધ્યુ છે.

વિજયનગર વિસ્તારમાં રાજકીય-સહકારી ક્ષેત્રે આગવી નામના મેળવનાર રાજપુર ગ્રામ પંચાયતના સરપંચ પંકજ પટેલે વિજયનગર માર્કેટ યાર્ડના ચૂંટણી જંગમાં પેનલ ઉતારી હતી.

ચૂંટણી જાહેર થઈ અનેક કાવાદાવા શરૂ થયા પરંતુ આખરે તમામ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. સહકારી આગેવાન પંકજ પટેલન કારણે તેમની પેનલ બિનહરીફ થતાં રાજ્ય-જિલ્લાના સહકારી આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં મૃતકોને શ્રદ્ધાંજલિ

# બાયડમાં નવરાત્રી પર્વનો આસ્થા-ઉમંગ સાથે પ્રારંભ, જીવાતનો ઉપદ્રવ આફત બન્યો

બાયડ, તા. ૯

આસ્થા-ઉમંગ સાથે જિલ્લામાં નવરાત્રી પર્વનો શુભ મુહૂર્તમાં ઘટસ્થાપન પછી પ્રારંભ થયો. બાયડમાં નવરાત્રી પર્વ શરૂ થતાંની સાથે સમી સાંજથી તમામ નવરાત્રી ચોક દૈદિત્યમાન બન્યા હતા. જિલ્લામાં ખ્યાતિ પ્રાપ્ત બાયડના સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં આચાર્ય અરૂણભાઈ વ્યાસની નિશ્રામાં કમલેશ પટેલ દ્વારા ઘટસ્થાપન પછી મા ની આરતી સાથે પ્રથમ નોરતાનો પ્રારંભ થયો. ત્યારબાદ સ્વામિનારાયણ સોસાયટી-૧-૨ વિભાગમાં પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોના તેમજ અન્ય બિમારીથી મૃત્યુ પામેલા ૨૫ મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ આપી પ્રથમ નોરતુ સાદગીથી પૂર્ણ કરવામાં આવ્યુ હતુ. બાયડના વિવેકાનંદ, ગિરીરાજ કેમ્પસ, જૂના બસસ્ટેશન, બાયડ ગામમાં નવરાત્રીની રમઝટમાં જીવાતનો ઉપદ્રવ આફત બન્યો હતો.

ખેલૈયાઓ જેની લાંબા સમયથી આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે નવરાત્રી પર્વનો ગુરૂવારથી પ્રારંભ થતાં જિલ્લામાં સાંજ ઢળતાં જ દિવસ ઉગ્યો હોય તેવા રોશનીના ઝગમગાટ દશ્યો જોવા મળ્યા. બાયડ, ધનસુરા, મોડાસા, તલોદ, હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ભિલોડા સહીતના વિસ્તારમાં શેરી ગરબા શરૂ થતાં પ્રજાએ કોરોનાના હાઉમાંથી બહાર આવી નવરાત્રી ચોકમાં મા ની આરતીમાં ભાગ લઈ નવી ઉર્જા મેળવી હતી. ત્યારબાદ નવરાત્રી મહોત્સવનો ક્યાંક ફટાકડાની આતશબાજી સાથે પ્રારંભ થયો હતો. કેટલાક વિસ્તારોમાં વરસાદ વિલન બન્યાનું પણ જાણવા મળેલ છે.



### બાયડના શેરી ગરબામાં માસ્ક ફરજીયાત

બાયડમાં ૪૦૦ લોકોની ઉપસ્થિતિ સાથે શેરી નવરાત્રીનો પ્રારંભ થયો છે. સ્વામિનારાયણ નવરાત્રી મહોત્સવના આયોજકો દ્વારા નવરાત્રીના તમામ દિવસોમાં સમૂહ આરતી સમયે માસ્ક ફરજીયાત અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનો નિયમ અમલી બનાવ્યો છે. જે લોકોએ વેક્સીનનો બીજો ડોઝ બાકી હોય તે કોરોના વેક્સીનનો ડોઝ લેવા પણ અપીલ કરવામાં આવી છે.



## ફાયર એન.ઓ.સી.નું કમઠાણ

# નવરાત્રીમાં વિદ્યાધામનું ગળું દબાવવાનો પ્રયાસ

### શિક્ષણ વિભાગના પાપે તલોદ ગામ સરકારી પ્રાથમિક શાળાના આચાર્યનો રૂમ સીલ, પરીક્ષા ઉપર સંકટ મંડરાયું : ૧૧ શિક્ષકો, ૩૨૪ બાળકોમાં હવે શું થશે ની દહેશત વધી

બાયડ, તા. ૯

કાયર એન.ઓ.સી.ના કમઠાણમાં સાબરકાંઠાના તલોદ ગામની સરકાર પ્રા.શાળાના આચાર્યનો રૂમ નવરાત્રિના આરંભે સીલ કરાતાં આવતા સપ્તાહથી શરૂ થતી ધ,૩ થી ૮ ની પરીક્ષા ઉપર સંકટ મંડરાયું છે, ભયંકર બકારા અને ગરમીમાં નિષ્ફર બનેલા પાલિકાતંત્રએ આદેશનો અમલ કરી ખંભાતી તાળું મારતાં ૧૧ શિક્ષકો, ૩૨૪ બાળકોને દિવસ દરમ્યાન હવે શું થશે..?? ની દહેશતમાં રહ્યા હતા, સરકારના શિયાણ વિભાગની બેદરકારીથી સરકારી પ્રા.શાળાઓ કાયર એન.ઓ.સી.થી વંચિત રહી છે અને ભોગવવાનો વારો શિક્ષકો અને નિર્દોષ બાળકોને આવ્યો છે. સરકારી પ્રા.શાળાઓમાં સુવિધાયુક્ત સર્વાંમિ શિક્ષણ મળતાં ખાનગી શાળાઓના વળતાં પાણી એવા નિવેદનો જગજાહેર છે, પરંતુ ગુજરાતમાં નવા મુખ્યમંત્રી અને નવા મંત્રીઓ પાસે પ્રજાને અનેક પ્રકારની અપેક્ષાઓ રહેલી છે. પરંતુ કેટલાક અધિકારીઓની જીદના કારણે સરકાર અને શિક્ષણ વિભાગ બદનામ થઈ રહ્યો છે. બે દિવસ અગાઉ ધનસુરાની દેવીપૂજક વર્ગ પ્રા.શાળા તંત્રના પાપે બંધ થતાં ગરીબ પરિવારના ૩૨ બાળકો શિક્ષણા છોડી દે તેવી વ્યથા સામે આવી છે. વર્ગ શાળાની મંજૂરી આપી પરંતુ ૨ વર્ષ સુધી ઓરડો બનાવવાની તસદી ન લેવાતાં બાળકોના અહીત કરવાનું પાપ થયાની લાગણી પ્રવર્તિ રહી છે. જ્યારે ફાયર એન.ઓ.સી. ન હોય તેવા બિલ્ડીંગો સામે કાર્યવાહી કરવાના તલોદ પાલિકાને આદેશ કરવામાં આવ્યા હતા. જે સંદર્ભે દોઢ સપ્તાહ અગાઉ તલોદ ગામ પ્રા.શાળા પાસે ફાયર એન.ઓ.સી, ન હોવાના કારણે વીજળી જોડાણ અને નળ કનેક્શન કાપ્યા પછી વધુ રઘવાયા બનેલા પાલિકાતંત્રએ નવરાત્રિના પ્રથમ દિવસે શિક્ષકો અને વિદ્યાર્થીઓના હીતની પરવા કર્યા વગર નિયમોના અમલમાં અડગ રહી શાળાના આચાર્યના રુમને સીલ કરતાં તમામ વહીવટી કામગીરી ખોરંભે પડી હતી જેના કારણે સમગ્ર તલોદ ગામ સહિત તાલુકામાં રોષ છવાયો છે.

આગામી દિવસોમાં તલોદ ગામ સરકાર પ્રા. શાળાને સીલ મારવાનો મુદો રાજકીય સ્વરુપ પકડે તેવી પૂરી સંભાવના છે. શાળાના શિક્ષકોએ જણાવ્યું કે સરકારી શાળાઓ છે અને ફાયર એન.ઓ.સી. લેવાની જવાબદારી વિભાગની હોય છે તેમાં શાળાના મુખ્ય શિક્ષક કે બાળકોનો શું? માંડ માંડ ધો. ૬ થી ૮ નું ઓફલાઈન શિક્ષણ શરુ થયું છે. તા.૧૮ ઓક્ટોબરથી પરીક્ષા યોજાવવાની છે અને શાળા સીલ કરાતાં પરીક્ષા ઉપર જોખમ ઉભું થયું છે.

### સરકારી બિલ્ડીંગ છે, સરકારે એન.ઓ.સી. આપવાની હોય : મુખ્ય શિક્ષક

તલોદ ગામ પ્રા.શાળાના મુખ્ય શિક્ષક વી.સી. ઝાલાએ જણાવ્યું કે કાયર એન.ઓ.સી. માટે અમે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ લેખિત માંગ કરી છે પરંતુ તેનો ઉકેલ આવ્યો નથી. સરકારી બિલ્ડીંગ છે અને સરકારે એન.ઓ.સી. આપવાની હોય છે. ગ્રાન્ટની માગણી કરવા છતાં ગ્રાન્ટ આપી નથી જેથી કાયર એન.ઓ.સી. અમે કેવી રીતે મેળવીએ ??

